સુધરાઈમાંથી રૂપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતના કર્મચારીઓને ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવા બાબત..

---

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:નપમ/૧૦૯૨/૩૩૦/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૦-ફેબ્રુઆરી-૧૯૯૬.

વંચાણમાં લીધા:-

(૧) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તા:૩૧/૧/૯૨ નો ઠરાવ ક્રમાંક:નપમ/૧૦૯૧/૨૯૫(૯૨)/ક.

(૨) નાણાં વિભાગનો તા:૧૬/૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૪/મ.

ઠ રા વ :-

આમુખમાં જણાવેલા આ વિભાગના તા:૩૧/૧/૧૯૯૨ ના ઠરાવ અન્વયે સુધરાઈમાંથી રૂપાંતર પામેલ ગ્રામ અને નગર પંચાયતના કર્મચારીઓના ગુજરાત રાજ્ય સેવા નિયમો, ૧૯૬૯(સરૈયાપંચ)ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૭૫(દેસાઈપંચ) તથા ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૧૯૮૭(ચોથું વેતનપંચ) મુજબના પગારધોરણો નિયત કરવામાં આવેલ છે. આ હુકમો થયા બાદ આમુખમાં જણાવેલા નાણાં વિભાગના તા:૧૬/૮/૯૪ ના ઠરાવથી સરકારી કર્મચારીઓ માટેની સુધારેલી ઉચ્ચતર પગારધોરણની યોજના અમલમાં મુકવાના આદેશો કરવામાં આવેલા હતા. આ આદેશો અન્વયે સુધરાઈમાંથી રૂપાંતર પામેલી ગ્રામ/નગર પંચાયતના કર્મચારીઓ માટે ઉચ્ચતર પગારધોરણની યોજના અમલમાં મુકવાનો પ્રશ્ન રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણા બાદ, નીચે મુજબ ઠરાવવામાં આવે છે. :-

(૧) આ યોજના તા:૧/૬/૧૯૮૭ થી અમલમાં આવેલી ગણવાની રહેશે.

(૨) નાણાં વિભાગના તા:૧૬/૮/૧૯૯૪ ના ઠરાવના ફકરા ક્રમાંક:૩(૧)

...૨..

થી ૩(૨૯) (ફકરા ક્રમાંક:૩(૯) અને ૩(૧૮) સિવાય) માં જણાવેલ શરતોને આધિન રહીને આ ઠરાવની અનુસૂચિ-૩ ના કોલમ-૨ માં જણાવેલ જગ્યાઓ ધરાવતા કર્મચારીઓને ઉકત અનુસુચિ-૩ ના કોલમ-૪,૫ અને ૬ માં જણાવેલ પગારધોરણો અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઉચ્ચતર પગારધોરણ તરીકે મળવાપાત્ર થશે.

(૩) ઉકત અનુસુચિ-૩ ના કોલમ-૨ માં જણાવેલ જગ્યા ધારણ કરતા કર્મચારી આ વિભાગના તા: ૩૧/૧/૯૨ ના ઠરાવના અનુસૂચિ-'ધ'ની હેઠળ શરત-૧ થી ૧૧ અનુસાર '' અંગત પગાર ધોરણ '' મેળવતા હશે તો પણ તેઓ ઉકત અનુસૂચિ-૩ ના કોલમ-૩ માં દર્શાવેલા પગારધોરણ મેળવે છે, તેમ ગણીને કોલમ-૪, ૫ અને ૬ માં દર્શાવેલ ઉચ્ચતર પગારધોરણોનો લાભ મેળવવાને પાત્ર બનશે.

(૪) જે કર્મચારીઓ ફકરા-૩ માં જણાવ્યા મુજબ '' અંગત પગારધોરણ'' મેળવતા હશે અને તે ''અંગત પગારધોરણ'' પ્રથમ અથવા દ્વિતીય અથવા તૃતિય ઉચ્ચતર પગારધોરણની સમકક્ષ કે તેથી ઉંચુ હશે તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારીએ તેને મળવાપાત્ર પ્રથમ, દ્વિતીય અથવા તૃતિય ઉચ્ચતર પગારધોરણ અને તેને મળતા '' અંગત પગાર ધોરણ '' વચ્ચે વિકલ્પ આપવાનો રહેશે અને જે કર્મચારી તેને મળવાપાત્ર પ્રથમ, દ્વિતીય, અથવા તૃતિય ઉચ્ચતર પગારધોરણ સામે '' અંગત પગારધોરણ'' મેળવવાનો વિકલ્પ આપશે તેવા કર્મચારી ના કિસ્સામાં તેને અનુસુચિ-૩ ના કોલમ-૪, ૫ અને ૬ માં દર્શાવેલ અનુક્રમે પ્રથમ અથવા દ્વિતીય અથવા તૃતિય ઉચ્ચતર પગારધોરણોનો લાભ મળવાપાત્ર થશે નહિ, આ અંગેની જરુરી નોંધ તેમની સેવાપોથીમાં કરવાની રહેશે.

(૫) આ ઠરાવ હેઠળ ઉચ્ચતર પગારધોરણનો લાભ આપવાના પરિણામે સંબંધિત કર્મચારીને ચુકવવાપાત્ર તફાવતની રકમ ચુકવવા અંગે ગુજરાત

...૩...

પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૨૨૮ ની જોગવાઈ અનુસાર જે તે પંચાયતે નિર્ણય કરી ચુકવણી કરવાની રહેશે, આ રીતે ચુકવાયેલ તફાવતની રકમ ઉપર મોંઘવારી ભથ્થાનું અનુદાન મળવાપાત્ર થતું હશે તો તે અનુદાન મેળવવા માટે તે પંચાયત હકકદાર બનશે. અન્ય કોઈ પણ પ્રકારનો લાભ મળવાપાત્ર બનશે નહિ.

(૬) તા:૩૧/૧૨/૯૫ સુધીમાં નિવૃત્ત થયેલા હોય તો તેવા કર્મચારીઓને આ આદેશો થયા પહેલા જે તે મળવાપાત્ર ઉચ્ચતર પગારધોરણ મંજુર કરી શકાશે. તા:૩૧/૧૨/૯૫ સુધીમાં નિવૃત્ત થયેલ કર્મચારીનું પેન્શન તેના આધારે નકકી કરવાનું રહેશે.

(૭) ઉચ્ચતર પગારધોરણ યોજના હેઠળ ચુકવવાપાત્ર રકમની ચુકવણી કરતા પહેલાં સંબંધિત કર્મચારી પાસેથી આ ઠરાવની સાથે સંલગ્ન અનુસૂચિ-૧ અને ૨ મુજબ બાંયધરીખત અને વિકલ્પ ફોર્મ મેળવવાનું રહેશે.

(૮) ગ્રામ પંચાયતના કિસ્સામાં તાલુકા વિકાસ અધિકારીશ્રી અને નગર પંચાયતના કિસ્સામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી(અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીએ) ઉચ્ચતર પગારધોરણ માટે વિકલ્પ આપનાર કર્મચારીનો પગાર નકકી કરતા હુકમો કરવાના રહેશે અને કર્મચારીની સેવાપોથી તથા અન્ય રેકર્ડ સાથે સ્થાનિક ભંડોળ હિસાબના સંબંધિત જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીને ચકાસણી માટે મોકલવાના રહેશે.

(૯) આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા: ૨૧/૯/૧૯૯૫ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મુસ્તુફા પઠાણ
નાયબ સચિવ,
પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

પ્રતિ,
૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.

૨. વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૩. હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૪. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય,અમદાવાદ.

૫. સચિવ શ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, નવરંગપુરા,અમદાવાદ.

૬. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. નાણાકીય સલાહકાર શ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

૮. સર્વે તિજોરી અધિકારીઓ, તેમની હસ્તકના પેટા તિજોરી અધિકારીઓ
(ડાંગ અને ગાંધીનગર સિવાય) ને કરવાની વિનંતીસહ.

૯. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી( ડાંગ અને ગાંધીનગર સિવાય )

૧૦. સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી (ડાંગ અને ગાંધીનગર સિવાય )

૧૧. સર્વે રૂપાંતરિત પંચાયતો..
સરપંચશ્રી / અધ્યક્ષશ્રી / ચીફ ઓફીસરશ્રી,
........................ ગ્રામ / નગર પંચાયત / નગરપાલિકા.
જિલ્લો: ....................

૧૨. પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની 'ખ' અને 'ડ' શાખાઓ.
સચિવાલય, ગાંધીનગર.

૧૩. સિલેક્ટ ફાઈલ.

આરપી.ટે.